સાલ : ૨૨ / સિલસિલાવાર નંબર : ૧૮૩ / શુમારો : ૩

કુલ પાના - ૧૨

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

જુમાદીયુલ ઊલા - જુમાદીયુલ ઉખરા ૧૪૪૬ / નવેમ્બર - ડિસેમ્બર ૨૦૨૪

# શાકેરીનના સરદાર

ઈરશાદે રબ્બાની થાય છેકે, કોઈ પણ શખ્સ અલ્લાહતઆલાના હુકમ બગૈર મરી શકતો નથી. તે વાસ્તે મુકર્રર લખાણ છે. તેમાં એક ઘડી પણ આગલ કે પાછલ થઈ શકે એમ નથી. જે શખ્સ દુનિયા ના સવાબને ચાહે તો હમેં તેમાંથી એને આપીએ છીએ અને જે શખ્સ આખેરતના સવાબને ચાહે તો હમેં તેમાંથી એને બખ્શી દઈએ. હમેં ઝરૂર શુક્ર કરનારાઓને બદલો-જઝા આપીશું.

હર તરહના સવાબ વાસ્તે બંદાને શુક્ર કરવો જોઈએ તે પહેલા કે, જે કિતાબમાં મુકર્રર છે તે હકીકત બનીને સામે આવે. આ હકીકત બીજું કઈ જ નથી પણ બંદાની મૌત છે. બંદાને મૌત વાસ્તે તૈયાર રહેવું જોઈએ અને જે વક્ત તે આવશે તો અચાનક બગતતન આવશે. તેમાં બંદાની દખલઅંદાઝી એક ઝર્રા બરાબર પણ નહીં ચાલે.

એક વાકેઓ યહાઁ પર દરજ કરવો મુનાસિબ છે. તે એ છે કે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) પાસે જંગે ઓહોદ માં એક આબદાર તલવાર હતી કે, જેના લડતા-લડતા ત્રણ ટુકડા થઈ ગયા. દુશ્મનોના તમામ વાર આપે હિમ્મતો હોંસલાથી ઝીલા, સખ્ત મુકાબેલો કીધો અને તલવારના ત્રણે ટુકડાને નબી સાહેબ (સ.અ.વ.વ.) ના સામે મુકા. તે વક્ત નબી સાહેબે આપને ઝુલફિકાર નામી એક શાનદાર તલવાર બખ્શી અને તેના સબબ જ આપને ફત્હ નસીબ થઈ. આસ્માનથી નિદા આવી કે, **" લા સૈફ ઇલ્લા ઝુલફિકાર વલા ફના ઇલ્લા અલી. "**

ઝુલફિકાર આપને ઈનાયત થઈ તે પહેલા આપના જિસ્મ પર ૬૦ ઝખ્મ લાગા હતા. નબી સાહેબેના દસ્ત મુબારકથી અને ખાસ જાનદાર તલવાર મિલવાની ખુશીમાં આપ તે ઝખ્મોનું દર્દ ભુલી ગયા હતા. જે વક્ત નબી સાહેબે આપના ઝખ્મો જોયા તો આપના ચશમમાંથી લડીબંધ આંસૂ ટપકી પડા. આપે ફૌરન ઉમ્મે સલીમ અને ઉમ્મે અતીયહને મૌ.અલીના ઝખ્મોના ઈલાજ વાસ્તે ફરમાન કીધું. ઝખ્મો એ મુજબ હતા કે, એક ઝખ્મનો ઈલાજ કરે કે બીજો ઝખ્મ ફાટી જાય. એક ઝખ્મ ઘણો જ ગહેરો અને તકલીફદેહ હતો, તો નબી સાહેબે તેના ઉપર હાથ મુકીને દોઆ કીધી તો અલ્લાહતઆલાએ શિતાબથી તેમાં શિફા બખ્શી.

જે વક્ત મૌલા અલીને ઝખ્મોમાં ઈફાકો થઈ ગયો, રાહત મિલી ગઈ તો આપે અલ્લાહ અને તેના રસૂલનો તહે દિલથી શુક્ર અદા કીધો. આપનો આ અમલે ખાસ અલ્લાહતઆલાને ખૂબ પસંદ આવો. લેહાઝા, રસૂલુલ્લાહ બાવાજી અને મૌ.અલી માદરે મુમેનીનની શાનો અઝમતમાં અને આ વાકેઆને યદ કરીને અલ્લાહતઆલાએ બે આયતે શરીફહ નાઝિલ ફરમાવી. જેમાં **"વસયજઝિલ્લાહો અશ-શાકેરીન"** ના બહેતરીન અલ્ફાઝ છે. ઝરૂર ! અલ્લાહ શાકેરીનને નૈક બદલો અતા કરે છે. બેશક ! મૌ.અલી, નબી સાહેબ બાદ "શાકેરીનના સરદાર" છે. ✯

રખો મઝબૂત હરએક વક્ત હરએક આઁ મીસાક,<br>
સાફ ઈકરાર હો, ઝાહિર હો કે પિન્હાઁ મીસાક,<br>
રખતેં હૈ ઇસકો હરએક દમ બદિલો જાઁ મેહફૂઝ,<br>
અપના લે લેતેં હૈ જબ સાહબે ઇમાઁ મીસાક.

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એના સાથે બદતમીઝી કરે, તેને માન આપે.**

**આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ના ફરઝંદે અરજુમંદ શાહઝાદા ભાઇસાહેબ મુરતઝાઅલી ભાઇ અને સેકતુદ્દાઅવત મુકાસિર સાહેબ (દા.મ.) ના ફરઝંદે અરજુમંદ ભાઇસાહેબ કુમૈલઅલી ભાઇ ની શાદી ખાના-આબાદી, આપ સૈયેદી સાહેબના નાના ફરઝંદ ઝિયાઉદ્દીન ભાઇસાહેબ ના સહેરા મુબારક, રાસુલ હુદૂદ સાહેબના ફરઝંદે અરજુમંદ મહેલમ ભાઇસાહેબના મીસાક-અહદે ઇમામુઝ્ઝમાન (અ.સ.) ના ચાર ખુશ અવસરો અને મસર્રતના મૌકાઓ ના**

## અશઆરે વરદીયહ
**૨-૩ જુ.ઊલા ૧૪૪૬ / ૩-૪ નવેમ્બર ૨૦૨૪**

✱ ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી,
બહાર આઈ શાદી કે ગુલ ખિલ રહેં હૈં,
નવાઝિશ હે દાઈ કી હમ મુમેનીં પર,
મસર્રત કી દાઅવત હમેં દે રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે રહેમત યહાઁ.

✱ ખુદા કા હી ચહેરા યે દાઈ કા રૂખ હે,
ઈસી રૂખ કા દીદાર હમ કર રહેં હૈં,
હો ખુશ જિસ મેં દાઈ ઉસી મેં હે હમ ખુશ,
હમ ઉસકે લિએ આજ ખુશ હો રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે મસર્રત યહાઁ.

✱ ઝરા મુરતઝા શાહઝાદે કો દેખો,
વો શાદી કી ખુશીઓ મેં તર હો રહેં હૈં,
પિસર દાઈ કે ઔર માઝૂઁ કે ભાઈ,
નિકાહ કે લિએ મુન્તઝિર હો રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે ફરહત યહાઁ.

✱ હે તીનોં રૂસૂમાત હક્ક કે ફઝલ સે,
અહદ-સહેરા-શાદી અદા કર રહેં હૈં,
મુઅત્તર મુબારક સે લબ હર કિસી કે,
યે ખુશ્બૂ મુબારક કી ફૈલા રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે ખુશીયાઁ યહાઁ.

✱ સઆદત કી ઘડીયાઁ હે મૌલા કે ઘર મેં,
મસર્રત સે પુર હર મકાઁ હો રહેં હૈં,
હે કિતની મસર્રત દો બહેનોં કા સંગમ,
યે દાઅવત કે ગુલશન કે ગુલ બન રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે ખુશ્બૂ યહાઁ.

✱ યે મહેલમ કા અહદે ઈમામુઝ્ઝમાઁ હે,
વો સિદ્કો વફા કા વચન દે રહેં હૈં,
મુબારક ઝિયાઉદ્દીં દાદા કા હે નામ,
કે સહેરે સે રૂખ પુર-ઝિયા કર રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે ઉલ્ફત યહાઁ.

✱ કુમૈલ ઔર ઝિયાઉદ્દીં આઁખો કે હૈં નૂર,
મુકાસિર કે નૂરે નઝર હો રહેં હૈં,
હુએ હૈં મુકાસિર કે અરમાન પૂરે,
કે આબાદ બેટે કા ઘર કર રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે મોહબ્બત યહાઁ.

✱ જહાઁ અહલે દીં હૈં વહાઁ હૌઝે કૌસર,
અલી આબે કૌસર કો પિલવા રહેં હૈં,
જહાઁ દાઈએ આલે કૌસર હો હાઝિર,
સલામ આસ્માઁ સે મલક પઢ રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે જન્નત યહાઁ.

✱ ઝકીયુદ્દીં મૌલા કી છાઈ હે શોહરત,
જહાઁવાલે મદહો સના કર રહેં હૈં,
હો પૂરી હર એક આરઝૂ શેહ કી યા રબ,
હર એક અહલે મજલિસ દોઆ કર રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે મસર્રત યહાઁ.

✱ ખુદા તૂલ કર બા-સેહહત ઉમ્ર શેહ કી,
યહીં ઈલ્તેજા રૌઝો શબ કર રહેં હૈં,
હે કિતના નસીબા બલંદ ઉસકા અન્વર,
શહે દીં કી મદાહી જો કર રહેં હૈં,
ગુલિસ્તાને હાતિમ મેં મૌસમ ખુશી કી, હે ફરહત યહાઁ. ☆

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એને ઊભા રાખે, તેને બેસવાની જગા આપે.**

## રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ મુબારક સુન્નતો

### કિસ્ત - ૧૯

નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઐન સુન્નતોમાંથી એક પાડોશીઓ વાસ્તે પણ છે. તે છે એમનો ખયાલ, ઈઝઝત, તઅલ્લુકાત, રહેમદિલી અને મોહબ્બત. આનાથી ઘરની બંદિશો અને હિદાયતના તકાઝા બરકરાર રહે છે. આ રિશ્તાઓ એતેમાદ અને ભરોસા પર ચાલે છે. જોવા જઇએ તો પાડોશીઓ નો રિશ્તો બીજા ખાનદાની રિશ્તેદારો કરતા ઝિયાદહ પાકો અને અહમ સાબિત થાય છે.

આ બાબમાં આગલા શુમારાઓમાં ઘણી નસીહતો આવી ગઇ છે. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને બેસાડીને ફરમાવે છે કે,

❖ જે કોઇ શખ્સ તોહમત-ઈલ્ઝામની જગાઓમાં જાશે એને તોહમત લાગશે : આ નુક્તાની માઅના એ છે કે, ઈન્સાન એની ઝબાનને ખૂબ છૂટથી ઈસ્તેમાલ કરે છે. કોઇ તસ્દીઅ કીધા બગૈર કે, એ જે કઇ બોલી રહ્યો છે તે સાચું છે કે જૂઠું છે. કોઇના વાસ્તે કઇ પણ સાંભલે છે, તો જલ્દબાઝીમાં તેને બીજા તક પહોંચાવવાની પૈરવી કરે છે. આમ કરવામાં એનાથી એવી વાત નિકલી જાય છે કે, જેમાં કોઇ સચ્ચાઇ કે હકીકત હોતી જ નથી. જેની વાત હોય છે એ શખ્સ તેમાં કઇ જ જાણતો નથી હોતો. તે સરાસર ગલત વાત હોય છે. જો આ વાતને બીજાને કહી દેવામાં આવે તો તે ઈલ્ઝામ-બોહતાન કહેવાય છે.

આ ઘણો મોટો જુર્મ છે. જે શખ્સ ઈલ્ઝામમાં મુલવ્વસ થાશે એના તરફ ઈલ્ઝામ આવીને વાગશે. ઈલ્ઝામ દેનાર ખુદ ઈલ્ઝામમાં ફસાશે. **ઇલ્ઝામ દેનાર વાસ્તે કોઇ બીજો ઇલ્ઝામ આપનાર પૈદા થાશે.** સેયાનત તેમાં જ છે કે, ખૂબ સોચી-વિચારીને ઝબાનને ખોલવી જોઇએ યા કલામ નિકાલવા જોઇએ.

❖ જે કોઇ આલિમો સાથે બેસશે, નઝદીકી રાખશે એને માન મિલશે, ઈઝઝત પૈદા કરશે : ઈલ્મની કીમત હોય છે અને જેની કીમત હોય તેના વાસ્તે નઝરમાં ઈઝઝતો એહતેરામ પૈદા થાય છે. અલ્લાહતઆલાની કરમબખ્શી થાય અને જેને ઈલ્મની દૌલતથી માલામાલ કરે, આલિમ બનાવે તો એનો શરફ બીજા લોગો કરતા વધી જાય છે. લોગો એ આલિમ પાસે ચાહીને આવે છે અને ઈલ્મને હાસિલ કરે છે. આલિમ એના પાસે આવનાર લોગોમાંથી એવાને પસંદ કરે છે જે એના ઈલ્મની વિરાસત હાસિલ કરી શકે. એના નકશે કદમ પર ચાલીને હક્કના ઈલ્મના ગૌહર-જૌહરથી ઝીનતદાર થઇને બીજા જાહિલોના દરમિયાન જઇને તેને નશર-નઝર કરી શકે.

આ તરહ આલિમો અને આલિમોની સોહબત ઈખ્તિયાર કરનાર લોગોની ઇઝઝતો એહતેરામ થાય છે. લાઈલ્મ લોગોને તેમની હદ્દ ખબર છે અને જાણે છે કે, **આલિમોની સોહબત તેમના વાસ્તે કેટલી ઝરૂરી છે**, પસંદીદહ છે, ફાયદામંદ છે. તેઓ જાણે છે કે, આલિમો પાસેથી થોડું પણ કઇ જાણી લે, યાદ કરી લે યા અમલ કરી બતાવે, તો તે ચીઝ તેમના વાસ્તે લોગોમાં કેવી ઇઝઝત પૈદા કરશે. ઈલ્મને હાસિલ કરવામાં કીધેલી મહેનત અને ગુઝારેલો વક્ત કોઇને વાસ્તે પણ બાઈસે સવાબ અને સબબે ફખર હોય છે. સવાબે ઈલાહીનો હક્કદાર એ શખ્સ ઝિયાદહ હોય છે કે, જેએ લોગોમાં ઇઝઝત પૈદા કીધી હોય. ✯

## નૂર

ઝબાને કુરઆની છે કે, અલ્લાહતઆલા હર ચીઝને પોતાના નૂરથી પૈદા કરે છે. હવે જે કોઇ તેની બંદિશો માંથી નિકલીને નાફરમાનીના તૂફાન માં આવી જાય, તો એના વાસ્તે નૂર બુઝાઇ જાય છે. અલ્લાહતઆલા સાથેનો એનો નૂરાની તઅલ્લુક તૂટી જાય છે અને એ એની **જાન-નફસના અંધારાઓમાં ભટકાઇ જાય છે.** એની ઝિંદગીના કોઇ પણ (બકીયહ પેજ નં. ૯ પર)

**ઈઝઝતદાર શખ્સ એ છે કે, જે બદકલામી કરે, તેને બહેતરીન કલામથી બોલાવે.**

# " કુલ આમીન "

"બહમ્દિલ્લાહે કુલ આમીન", આ અરબી ઝબાન ની મન્કબત જે ૪૩માં દાઈએ અન્વર સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહેબ (આ.કુ.) એ આપની એક હફતીમાં લખેલી છે, દરજ ફરમાવેલી છે. દાઅવતે શરીફહની રૂસૂમાતની ફહેરિસ્ત તો ઘણી દરાઝ છે અને તે મુજબ અમલ કરવાની મુમેનીન પૂરેપૂરી કોશિશ કરે છે. તેમાંથી હમેં ઝિક્ર કરીએ તો સહેરાની રસમ ખૂબ અનોખી અને પુરફરહત હોય છે. વાલેદૈન ચાહે છે કે, પોતાના કમસિન-નાના દીકરાને બચપણમાં જ દુલ્હાની શિકલમાં જોઈ અને અહલો અકરૂબામાં ખુશીનો ઈઝહાર કરે.

આ રસ્મે તૈયેબીને દીકરાની ખતાનત અને ફિતરી પાકીઝગી સાથે જોડવામાં આવતી હતી અને ૫-૬ સાલની ઉંમરે વાલેદૈન દીકરાની ખતાનત કરાવતા હતા . **તે વાસ્તે શીરની, સુકા મેવાનું દૂધ, ફૂલહાર, સહેરો, શરબત, જમન વગૈરહ મુમેનીન કરતા હતા.** ઘરમાં એક ખુશીની ફિઝા બંધાતી હતી. સૈ.યુસૂફ નૂરૂદ્દીન મૌલાના ઝમાનમાં આ રસ્મમાં ચંદ આમેઝિશ-ઊમેરો કરવામાં આવો હતો. તેમાં સાહેબે દાઅવતના સામે દીકરા કે જેના સહેરા હોય એને બેસાડવામાં આવે છે અને ધાણી-સક્કરીયા ચણાથી ભરેલું થાલ મુકવામાં આવે છે. વાલેદૈન ઘરના ૭ બચ્ચાંને થાલને ઈર્દ-ગિર્દ બેસાડે છે અને મુલ્લા સાહેબો જે વક્ત **" કુલ આમીન "** ની બૈત પઢતા હોય અને આ અલ્ફાઝ આવે તો બચ્ચાં એ સહેરાવાલા દીકરા પર થાલમાંથી ધાણી નિસાર કરે અને ખુશીનો ઈઝહાર કરે.

આપ મૌલાએ ઘણા ઘરોમાં આ તરહના સહેરાની રસ્મે મુબારક અદા ફરમાવેલી છે. આ રસ્મને દોબારહ ઝિંદા કરવા આકા મૌલા સૈયેદના સાહેબે (ત.ઉ.શ.) હાલમાં શાદીના ખુશ અવસર પર ઈરાદો કીધો. દાઅવતે શરીફહની મજલિસમાં આપ મૌલાએ મુમેનીન-મુમેનાતને દરમિયાન આ યાદગાર રસ્મને અદા ફરમાવી. મુકાસિરૂદ્દાઅવત સૈ. મોહંમદ નૂરૂદ્દીન સાહેબ (દા.મ.) ના નાના ફરઝંદ ઝિયાઉદ્દીન ભાઈસાહેબનો સહેરો બાંધીને આપ મૌલાએ અહલે મજલિસને આ રસ્મે સહેરાનો ઐની મુશાહેદો કરાવો. સૈયેદના સાહેબની ઉમ્મીદ છે કે, આ રસ્મ પર હવેથી મુમેનીન ગામઝન થાય.

- **" કુલ આમીન "** ની આ મન્કબતનો મફહૂમ કે, જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શાનાત અને ફઝાઈલમાં તસ્નીફ કરવામાં આવી છે.

(૧) અલ્લાહતઆલાની ઝાત ઘણી જ આઅલા છે અને તેની ઝિક્ર કરવામાં ઝબાનને હલાવત અને શૌક થાય છે. હું તેની ઝાતે મુકદ્દસ પર મારી જાન અને માલને ફિદા કરૂં. **તે અલ્લાહની હમ્દ અને, કહો " આમીન ".**

(૨) અલ્લાહતઆલા તૌહીદનો માલિક છે અને તેની કુરબત એવી છે કે, તેના સિવાય મારા વાસ્તે કોઈની મોહબ્બત નથી. તેના તરફના લગાવ-શૌકનું ઘૂંટ મૈં પીધેલું છે. **તે અલ્લાહની હમ્દ અને, કહો " આમીન ".**

(૩) જે વક્ત કે રસૂલુલ્લાહ બાવાજીની નાઅત અને સિફતો સના કરવાની મૈં નિય્યત કીધી કે, જે લાત બુતને તોડનાર છે તો આપની મદેહના કલામ ઝબાન પર આવી ગયા. **તે અલ્લાહની હમ્દ અને, કહો " આમીન ".**

(૪) આપ નબી સાહેબ લોગો વાસ્તે શફાઅત કરનાર અને નુબૂવતના માલિક, ગુનાહોં અને નફસની નાપાકીથી છોડાવનાર છે. આપની કરમ-બખ્શી મારા વાસ્તે વાદલના વરસાદની મિસિલ છે. **તે અલ્લાહની હમ્દ અને, કહો " આમીન ".**

(૫) આપે કૌમને હજ્જ વાસ્તે નિદા આપી અને તે હજ્જના અય્યામમાં જહાનના હર ગોશામાંથી જૌક-દર-જૌક અલ્લાહતઆલાનથી મગફેરત ચાહવા, કુરબાની અતા કરવા અને ફરઝ અદા કરવા લોગો પધારા. **તે અલ્લાહની હમ્દ અને, કહો " આમીન ".**

(બકીયહ પેજ નં. ૬ પર)

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એને કોઈ ચીઝથી રોકે, તેને ખૂબ વધારે અતા કરે.**

## વઝકુર ફિલ કિતાબે ઈસ્માઈલ
## મૌ.ઇમામ ઇસ્માઇલ બિન મૌ.ઇમામ અસ-સાદિક (અ.સ.) ની તારીખે ઇસ્માઇલી - કિસ્ત-૫

આખિરકાર હમારી નઝર અસ-સાદિક (અ.સ.) ના આખિરી દીકરા મૂસા તરફ જાય છે જે એના બીજા ભાઈઓની મિસિલ, મૌ.ઈમામ ઈસ્માઈલ સિવાય, ઈમામતના દરજહ વાસ્તે હક્કદાર અને કાબિલ ન્હોતા. "**નાસ**" યાઅની નસ્સ ફરમાવનાર ઈમામ જે યહાઁ અસ-સાદિક (અ.સ.) છે અને "**મન્સૂસ અલૈહે**" યાઅની જેના પર નસ્સ કરવામાં આવે એ સાહેબ, જે યહાઁ મૌ.ઈસ્માઈલ (અ.સ.) છે, આ બેવે સાહેબો દરમિયાન ઈમામતના નૂરનો ફૈઝ જારી અને કાઈમ હતો. "નાસ" ના બીજા ફરઝંદો યા એમની ઔલાદમાં ઈમામતની શરતોની અછત અને ગૈરમૌજૂદગી હતી. "નાસ" એની લતીફ નઝરથી અને બારીકબીનીથી જોઈ લે છે કે, એના વારિસ અને વાલી કૌન છે અને એ મન્સૂસ અને એની ઔલાદ કઈ તરહ અમરે ઈમામતની ઝિમ્મેદારી અને વુજૂદને આગલ વધારશે.

આ દાઅવતે હાદીયહ અલ્લાહતઆલાની તૌહીદ, એકોકારી, વહેદાનીયત, અહદીયત અને ફરદાનીયત તરફ કાઈમ થાય છે. આ દાઅવતનો કિયામ, ઠહેરાવ, મઝબૂતી અને નશરો ઈશાઅત કિતાબ-ઈમામ બગૈર નામુમ્કિન છે. ઈમામત અને કિતાબનું ઈલ્મ તેની તાવીલ સાથે તઅલ્લુક રાખે છે. શરીઅતનો હર રૂકન અને રસૂલુલ્લાહ બાવાજીની હર સુન્નત તાવીલની મોહતાજ છે અને તેનો ઈશારો ઈમામે હક્ક તરફ જ જાય છે કે, જે કિતાબ (દીને હક્ક) ના માલિકો મુખ્તાર હોય છે.

ઈમામ, હુકમે ઈલાહીથી અને હિકમતથી અમરે ઈમામત ચલાવે છે. ઈમામને દુનિયાના બાદશાહો યા લોગોનો કોઈ ખૌફ હોતો નથી. કોઈના ડરથી આપ પડદે થાતા નથી. ઈમામ, ઝમાનામાં એક જ હોય છે, તો આપના હર જઝીરહમાં નુમાઈંદા પણ દાઈની શિક્લમાં એક જ હોય. આપના હુજ્જત-દાઈથી મુમેનીન એમના ઊમૂરને ઈમામ તરફ પહોંચાવે છે. બગૈર કોઈ નુમાઈંદા-નસ્સના સાહેબ, ઈમામ કોઈ એક જગા વરસો તક છુપીને રહે અને લોગોએ પસંદ કીધેલા શખ્સ દીન ચલાવતા હોય તો તે દીન તેની અસલી હાલતમાં બાકી રહેતું નથી. તેમાં ફસાદ આવી જાય છે. બનું ઊમય્યહ અને બનુ અબ્બાસ જેવા શીઆઓના ખુલ્લા દુશ્મનો અને જાનો માલને નુકસાન પહોંચાડનારાઓને છુટો દૌર મિલી જાય છે. ઈમામ જો અગર સતરમાં હોય, તો પણ એમના દોઆત-નુમાઈંદા મુમેનીન ની હર તરહ હિફાઝતનો બેડો ઉપાડી લેતા હોય છે.

ઈમામતના જૂઠાપણાની મોટી શાહિદી એ છે કે, દાઅવત કાઈમ કીધા બગૈર કોઈ બાદશાહના ડરથી ઈમામ બેસી રહે યા ઈમામની આઁખોને સામે બાદશાહ શરીઅતને રમકડું બનાવી દે યા ઈમામને ધોકાથી કેદખાનામાં નાંખી દે અને પોતે ઈમામ છે એમ રઈયતમાં બતાવે યા ઈમામ કૈદી બનવાના સબબ મુમેનીન સાથે રાબેતામાં રહી જ ના શકે યા કારે હિદાયતની ઝિમ્મેદારી નિભાવી જ ના શકે યા અરકાને દીનને કાઈમ કરવા વાસ્તે કોઈ તદબીર જ ના કરી શકે.


અહલે બૈત (અ.સ.) ના આશિકો-મુમિનો અને એમના દુશ્મનો યા બનાવટી આલિમોમાં ઘણો-ઘણો ફરક અને તફાવત છે. અહલે બૈતનો મઝહબ-તરીકો તાવીલના ઈલ્મ પર ઊભેલો છે. ઝાહિરી ઈલ્મનાં મગજ-સર તેની તાવીલ છે. **ઇમામમાં આ તાવીલી ઇલ્મનું પૂરૂં જહાન સમાયેલું હોય છે.** મૌ.અસ-સાદિક બાદ જો આપના ફરઝંદોમાં કોઈને આ ઈલ્મ હાસિલ થયું હોય તો એ ઈમામ ઈસ્માઈલ છે. તમામ બીજાઓ ઈમામતના દાઅવામાં ખોટા અને કાઝિબ છે. આમાંથી હર એકે પોત-પોતાના ગિરોહ બનાવા, તાકત-હુકૂમતની લાલચમાં પોતે અસલી ઈમામ છે એમ પોતાની ઝાતને ઉભારી. મૌ.અસ-સાદિકના નામથી સેંકડો તૂટેલી-જોડેલી-અધૂરી રિવાયતોને યા જૂઠી વાતો-વાકેઆને લોગો સામે પૈશ કરવામાં આવા.

(બકીયહ પેજ નં. ૯ પર)

**ઈઝઝતદાર શખ્સ એ છે કે, જે એના સાથે રિશ્તા કાપી નાખે, તેના સાથે તઅલ્લુકાત બાંધી રાખવાની કોશિશ કરે.**

## લફ્ઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**



૧) ૧૪ માં ફાતેમી ઈમામ મૌ.મોઈઝ (અ.સ.) મિસિરમાં આપના મહેલમાંથી પૂરી શાન, -------, જલાલ, આબોતાબ, જલ્વા, દબદબા સાથે શાહી સવારીમાં શહેર-ગશ્ત કરવા નિકલતા હતા. (૨)

૨) અલ્લાહતઆલાએ હર ચીઝના જોડકા બનાવેલા છે. નબીને સાથે વસી હોય જ છે. કુરઆનને સાથે અહલે બૈત હોય જ છે. તો આસ્માન સાથે ---- હોય છે. (૩)

૩) અલ્લાહતઆલાના ૯૯ નામો માંથી પૈદા કરનારને “ખાલિક” કહેવાય , તો રોઝી આપનારને ------- કહેવાય. (૩)

૭) તાઝા મીઠા પાની, પાકીઝા શરાબ, ઝાએકાદાર દૂધ અને શફ્ફાક-સાફ ----- ની નહેરો જન્નતમાં વહે છે. (૨)


**❋ આડી તરકીબ :**

૨) કુર્રતો ઐનિર્રસૂલ, માઁ ફાતેમા (અ.સ.) ના લકબો માંથી બતૂલ, અઝરા, મુતહહરહ, ------. (૩)

૪) ધૂપ-છાઁવ, ઉતાર-ચઢાવ, સખ્તી-નરમી, ખૂશી- -------. (૨)

૫) નૂરૂદ્દીન - દીનનું નૂર, શમ્સુદ્દીન - દીનનો સૂરજ, બદરૂદ્દીન - દીનનો ચાઁદ, -----ઉદ્દીન - દીનની ચમક. (૨)

૬) ------, જમનમાં લઝ્ઝત લાવે છે, તેમ ઈબાદત, ઝિંદગીમાં લઝ્ઝત લાવે છે. (૩)



**લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** લફ્ઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઈનથી ઈલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે. ✫

---

(પેજ નં. ૪ નું બાકી)

(૬) નબી સાહેબનો કદ્દોકામ અને ચહેરએ અન્વર લાસાની છે. આપ નસીહત અને વાઅઝથી લોગોને હિદાયત દે છે જે વાસ્તે મારૂ નફસ અને રૂહ આપના ઉપર કુરબાન થાય. **તે અલ્લાહની હમ્દ અને, કહો “ આમીન ”.**

(૭) આપની તાઅરીફ કરવામાં મારી ઝબાન કાસિર છે. કયા કલામથી મૈં તે અદા કરૂં. તે વાસ્તે મારા જિસ્મના હર આઅઝાને મૈં સર્ફ કરી દઉં. આપ તરફથી કરમબખ્શીની બારિશ મારા પર થાયા કરે. **તે અલ્લાહની હમ્દ અને, કહો “ આમીન ”.**

(૮) આપના ઉપર અલ્લાહતઆલાની સલવાત થાયા કરે અને આપ બલંદીના સાહેબ છો અને આપનું નામ ઝિયાદહ બલંદ થાય. મારા નફસો માલથી મૈં આપના ઉપર કુરબાન થાઉં. **તે અલ્લાહની હમ્દ અને, કહો “ આમીન ”.** ✫

---

(પેજ નં. ૫ નું બાકી)

મગર અસ-સાદિક બાદ આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલ ના વારિસ આપના ફરઝંદ મૌ.મોહંમદ અશ-શાકિર છે જેને ઈમામતના નૂરાની અને તાવીલી ઈલ્મની દૌલત અને રૂહાની હુકૂમત મિલી અને આપ પહેલા સાતરાના યાઅની “અતિમ્માઅ” ના આખિરી ઈમામે હક્ક બના છે. ✫

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એને ઈઝન ના દે, તેને દાઅવત દેવામાં પહેલ કરે.**

## હિદાયતની કહાની – અલ-કિરમાનીની બયાની

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી ખબર મન્કૂલ છે કે, તમે આલિમ બનો યા ઈલ્મને પઢાવનારા બનો યા સાંભલનારા બનો; હિદાયત આપનારા "**હાદી**" બનો યા તાલિબે હિદાયત "મુસ્તહદી" બનો. ફાતેમી ઈસ્માઈલી ૧૬ માં ઈમામ મૌલાનલ હુસૈન અલ હાકિમ બેઅમરિલ્લાહ (સ.અ.) ના દાઈદોઆત અને બાબુલ અબ્વાબ દાઈયુલ ઈરાકૈન ફિલસુફે રબ્બાની સૈયેદના અહમદ હમીદુદ્દીન કિરમાની સાહેબ (ર.અ.) એ હિદાયત આપનારા "હાદી" અને હિદાયત લેનારા "મુસ્તહદી" ને ગફલતની ઉંઘથી બૈદાર કરવા અને જેહાલતનાં દલદલમાંથી નિકાલવાને વાસ્તે ઈમામ (અ.સ.) ની રઝા અને રિઝાથી કિતાબ "**તન્બીહુલ હાદી વલ મુસ્તહદી**" તસ્નીફ ફરમાવી, જેમાં ૨૮ બાબ અને ૧૯૬ ફસલ તરતીબ કીધી. આપે આ કિતાબમાં બેવેને વાસ્તે હિદાયત અને તાઅલીમાત તફસીલવાર લખવાને સાથે સાથે અનેક જૂઠા ફિરકાઓનાં મનઘડિત બેબુનિયાદ અકીદાઓ અને ખોખલી માન્યતાઓને ઝાહિર કીધી અને એના મુકાબિલ ઈસ્માઈલી તૈયેબી મઝહબનાં સહીહ અકીદાઓને વાઝેહ કીધા જેથી લોગો પર બુરહાનો દલીલ કાઈમ થાય.

આપના આ મકસદે હિદાયત અને ઈરશાદ વાસ્તે આપે એક મસલેહતભરો આસાન પણ મુઅસ્સિર તરીકો ઈખ્તેયાર કીધો. આપે એવા બયાનાતથી હિદાયતને શુરૂ કીધી જે હાદી અને મુસ્તહદી વાસ્તે ઝુરૂરી અને ફાયદામંદ હોય અને એવા કલામને મુરત્તબ કીધા અને અલ્લાહના દીનનાં અરકાનો અહકામને મુતાબિક એને મિલાવા જેથી બેવેને મુકમ્મિલ તૌર પર દીન પર ચાલવાની તહેઝીબ અને તન્બીહ હાસિલ થાય. આ કલેમાતના બાઝ ઈક્તેબાસાત "અલ હાદી" કારેઈન વાસ્તે પૈશ કરે છે. ઈન્શાઅલ્લાહ આનાથી સૈયેદના હમીદુદ્દીન અલ-કિરમાની સાહેબ (ક.રૂ.) ના આઅલા મકસદ અને આપની ઈલ્મી લિયાકત અને તરીકએ હિદાયતથી મુમેનીન ઘણો-ઘણો ફાયદો હાસિલ કરી શકશે.

**શિખામણ-મવએઝતે હસનત, આખેરત તરફ શૌક અને રગબત વાસ્તે અને મૌતથી ડર અને ઘભરાહટ નો અહેસાસ ઊભો કરવામાં :**

ફસલ : જાણી લે તું, અય મારા ભાઈ ! અગર કોઈ આંખોથી જોઈલે તે ચીઝ કે જે એના જિસ્મોને પાછલ છે યાઅની કે હમેશા રેહનાર નેઅમતો અને અલ્લાહની અબદી નેઅમતો; અને મુશાહેદો (નઝારો) કરે ત્યાંથી બલંદી, રૌશની, શરફ અને મોટાઈનો અને ફરિશ્તાઓના અલ્લાહની તકદીસ અને તૌહીદના તરાનાઓનો જેને કોઈ કાને સાંભલા નથી યા રૂહાની નકશાઓનો જેને કોઈ આંખે જોયા નથી તો .....તે.....દુનિયાવી નેઅમત તરફ ઝર્રા બરાબર પણ રગબત નહીં કરે.

જાણી લે તું અય ભાઈ ! **આખેરતનું હમેશા બાકી રહેનારું ઘર આ દુનિયાના ફાની ઘરથી બેહતર છે** અને એ વાતની તહેકીક કરી લે કે, આ દુનિયાની ચીઝો આખેરતની ચીઝોને મુકાબિલ કદર અને વઝનમાં બિલકુલ હલકી છે, જે તરહથી હમેં જાણીએ છીએ કે માઁના પેટમાં હમને નવ મહિના તક જે ખૌરાક મિલો તે દુનિયાનાં લઝીઝ ખૌરાક કરતા હલકો અને ગંદો હતો.....તો પણ હમારી જાન બેખબર છે અને ઊંઘમાં છે અને આખેરતની નેઅમતમાં રગબત નહીં કરે, મગર વારંવારની તન્બીહો તાકીદ અને મૌતની ઝિકરથી જેની તરફ તે જાવાવાલો છે. એ જ મુજબ તે દુનિયાથી નાઉમ્મીદ થાશે અને આખેરતની તલબ કરશે, નફસની ઈસ્લાહ અને જિસ્મની રિયાઝત (વરઝિશ) કરશે તે વાસ્તે અય ભાઈ ! તું મૌતને યાદ કર અને જાણી લે કે, હમેં ફના વાસ્તે પૈદા કીધા ગયા છે હમેશા રહેવા વાસ્તે નહીં. ✯

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એને ખૌફ અપાવે, તેને અમ્નો-અમાનનો અહેસાસ કરાવે.**

## મરદ-બૈરો વાસ્તે ખૈર

મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, એક દિન મદીનામાં હું અને કેટલાક અસ્હાબ નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે ખજૂરીના દરખ્તના એક સાયામાં બેસેલા હતા. નબી સાહેબે નસીહતની ચંદ ચીઝો ફરમાવી અને હમારા તરફ જોઇને પૂછ્યું કે, એક પરહેઝગાર બૈરો વાસ્તે તમામ કરતા કઇ ચીઝ બહેતર અને ખૈર છે ? આપના રોઅબો જલાલના સબબ તમામ ખામોશ રહ્યા, તે પછી બેઠક બરખાસ્ત થઇ ગઇ અને એક-એક કરીને તમામ અસ્હાબ અપના-અપના મકાન તરફ ચાલા ગયા.

ઘર જાવા તક પૂરો રસ્તો હું બેકરાર રહ્યો કે, તે શું હોઇ શકે, બૈરો વાસ્તે ખૈર હોય !! ઝરૂર, નબી સાહેબના આ સવાલ પાછલ હિકમત છુપાયેલી છે. હું જે વક્ત ઘરમાં દાખિલ થયો, તો માઁ ફાતેમાએ મને પરેશાન-હાલ જોયો અને મને પૂછવા લાગા કે, આજે શું અમર ગુઝરો છે ? મૈં કહ્યું કે, આજે નબી સાહેબે બૈરોના ખૈર મુતઅલ્લિક સવાલ કીધો છે અને તે વાસ્તે કોઇનાથી પણ જવાબ ના સુધરો. **તમામ ખામોશ બેસી રહ્યા.**

માઁ ફાતેમાએ મને કહ્યું કે, આ સવાલનો જવાબ તો ખૂબ જ આસાન છે. મૈં જેમ તમને કહું તેમ તમેં નબી સાહેબ મારા બાવાજી ને જે વક્ત આપને મિલે તે વક્ત જવાબ આપી દેજો. માઁ ફાતેમાએ મને કહ્યું કે, "પરહેઝગાર બૈરો વાસ્તે ખૈરમાં ખૈર તે છે કે, એના મરદ એનાથી ખુશ હોય અને એ એના મરદની ખિદમતમાં ખુશીને હાસિલ કરે. બેવેના દરજા અલગ છે, ખિદમત કરવાની કૈફીયત અલગ છે. **જેમ ઝૈર-ઝબરથી ઝબાન બને છે તેમ મરદ-બૈરોથી ઘર બને છે.** બૈરો વાસ્તે ખૈર એ છે કે, પોતાના મરદની ખામીઔ, ખતાઓ અને ઐબોને ઢાંપે. બૈરોની પરહેઝગારીની નિશાની એ છે કે, મરદની ગૈરહાઝરીમાં ઘર અને બચ્ચાંને બરાબર સાચવે. જે ઘર પર અલ્લાહતઆલાએ પરહૈઝગારીની ચાદર નાંખી હોય તેમાં મરદ એના બૈરો વાસ્તે લિબાસ બને છે અને બૈરો એના મરદ વાસ્તે લિબાસ બને છે, યાઅની કે, **બેવે એકબીજાના કામોને અને તકાઝાઓને ખુશી-ખુશી ઉઠાવી લે છે."** ✯

## ખિરાજે અકીદત
## ખૈરો નિસાઇલ આલમીન
## મૌ. ફાતેમા ઝહરા (અ.સ.)

સમઝતા થા મતલબકો રબ ફાતેમા કા,
હિલાને સે પેહલે હી લબ ફાતેમા કા,
ઈનાયત હુઈ હૈ તલબ જો ભી શૈ કી,
કહા હક્કને ટાલા હૈ કબ ફાતેમા કા,
ઈબાદત ખુદાકી, ઈનાયત અલી કી,
યે હી શુગ્લ થા રોઝો શબ ફાતેમા કા,
યે નિસ્બત જો તૈ અર્શ પર કી ખુદાને,
અલી સે હુવા અક્દ જબ ફાતેમા કા,
ન હવ્વા કે બાદ ઔર ન મરિયમ સે પહેલે,
ન સાની હૈ દુનિયા મૈં અબ ફાતેમા કા,
ઝમાને પે રૌશન હૈ ક્યા પૂછતેં હો,
જહૉવાલો હસ્બો નસબ ફાતેમા કા,
જો ખૈરૂલ બશર થા ખિતાબે મોહંમદ,
તો ખૈરૂન નિસા થા લકબ ફાતેમા કા,
ખુદા ઉનસે ખુશ હોગા કૈસે જિન્હોંને,
દુખાયા હૈ દિલ બેસબબ ફાતેમા કા,
લિખી મનકબત તુમને ક્યા ખૂબ "અલવી",
અદા હક્ક હુવા ફિર ભી કબ ફાતેમા કા. ✯

## તિજારત

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
**A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.**
**Ph.: 09409156524** ✯

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એનો સાથ છોડી દે, તેને સાથે રાખવામાં ખુશ થાય.**

## નબીએ ફાઝિલ : મૌ.ઈલ્યાસ નબી (અ.સ.)

મૌ.ઈલ્યાસ નબી (અ.સ.), મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) અને વસી હારૂન (અ.સ.) ની દાઅવતના કાઈલ હતા. આપે આપની કૌમને તકવા અને નેકોકારી તરફ ઈઝન આપું. તૌહીદે ખુદાવંદી આપની હિદાયતની અસલ અને બુનિયાદ હતી. જે તરહ આપની કૌમમાં મુમેનીન હતા, એ જ તરહ ઘણા કાફિરીન અને મુખાલેફીન પણ હતા. કાફિર લોગોએ અલ્લાહતઆલાની ઈબાદતને છોડીને **"બાઅલ"** નામના બુત-મુર્તિને પૂજવા લાગા. તો આપે તેઓને સમઝાવા અને રબ્બુલ આલમીન, અહસનુલ ખાલેકીન તરફ બોલાવા, મગર તેઓ આપનું માના નહીં અને બાઅલ બુતને સજદો કરવા પર અડી રહ્યા.

આપ મુલ્કે શામના બલઆ શહેરમાં રહેતા હતા. ઈસરાઈલી બાદશાહ અખીઆબ કે જે તે શહેર પર રાજ કરતો હતો, એં બાઅલ બુતથી શિફા તલબ કીધી અને આ જોઈને કાફિરોને કુફ્ર ફેલાવવા વાસ્તે એક નવી હવા મિલી. આ તરહ બલઆ શહેરમાં બાઅલ બુત તરફ ફિત્નો-ફસાદ વધતો ગયો. અલ્લાહ તઆલા તરફથી નબીને હુક્મ થયો કે, એ બાદશાહને જઈને આગાહ કરે કે, **તુંએ જે બાઅલ બુતથી શિફા હાસિલ કીધી છે, તે ઘણો જ બુરો અમલ છે.** આની સઝા એ છે કે, તું અન-કરીબ હલાક થાશે !!

નબીએ એ બાદશાહને હુકમે ઈલાહી પહોંચાવો. જે વક્ત નબી, બાદશાહને રૂબરૂ થયા તો એ નબીનો હુલીયો-ચહરો જોઈને સમઝી ગયો કે, આ તો **"ઇલયાઅ"** છે. તે શહેરના લોગો ઈલ્યાસ નબીને ઈલયાઅ પણ કહેતા હતા. ઈલ્યાસ નબીની વારંવાર તન્બીહને બાવુજૂદ બાદશાહે બુતપરસ્તી ના છોડી અને થોડા જ અરસામાં એ ગિરફતારે બલા થયો અને ફકીરો મોહતાજ થઈ ગયો.

બાઅલ એક સોનાનો મોટો બુત હતો. ૧૫૦ તેના ગુલામો-પૂજારીઓ હતા. હર વક્ત બુતને આસપાસ બેસી રહેતા હતા. તરહ-તરહની બાતિલ રૂસૂમાત અદા કરતા હતા અને જે લોગો ત્યાં આવતા તેમને દેખાવ, ઢોંગ, રિયાકારી કરીને લૂંટતા-ઠગતા હતા. બાઅલ બુતની કરામતો-ચમત્કારોની જૂઠી કહાનીઓ ઘડીને, મનઘડીત કિસ્સાઓના ચક્કરમાં ફસાવીને તે બુત વાસ્તે લોગો પાસેથી નઝર-નિયાઝ, ચઢાવા, ભેટ, વગૈરહ હાસિલ કરતા હતા. યહાઁ તક કે, બુત વાસ્તે ઝીનતનો સામાન, જમવાનો સામાન, ઝૈવરાત, લિબાસ વગૈરહ મંગાવતા અને જે કોઈ લઈને આવતા એને **બુત નઝદીક સજદો કરાવતા.**

મગર ઈલ્યાસ નબી આ તરહના મકરો ફરૈબથી વાકિફ હતા. તે શહેરના ચંદ આકિલ, પરહેઝગાર અને ઝહીન લોગોએ આપની દાઅવતે તૌહીદનો જવાબ આપો. આપના સાથે કારે દાઅવતમાં જોડાઈ ગયા. અહસનુલ ખાલેકીન, રબ્બુલ આલમીન અલ્લાહતઆલાની ઈબાદત તરફ લોગોને ઈઝન આપવાની કોશિશ કરતા રહ્યા. તેમાંથી ચંદ લોગો ઈબાદે મુખ્લેસીન થયા. પણ અકસર લોગો કુફ્ર પર રહીને હલાક થઈ ગયા. ✯

---

(પેજ નં. ૩ નું બાકી)

દરવાઝામાંથી નૂરની એક પણ કિરન દાખિલ થઈ શકતી નથી.

આ તે વક્ત થાય જે વક્ત સાહેબે હક્ક તરફથી આવનારો હર ફૈઝ બંધ થઈ જાય. નૂરનું ના હોવાથી એને હરએક ચીઝ અને કામમાં કાલેકી જ નઝર આવે છે. ચોરી, ધોકો, લૂંટ, રૂશ્વત અને નફાખોરી એની આદત બની જાય. અલ્લાહતઆલા અને તેના વલી તરફથી કોઈ હિદાયતના અલ્ફાઝ એને કામ લાગે નહીં. જેમ ચમક બગૈરનો નગીનો કઈ કામ લાગતો નથી, તેમ નૂર બગૈરનો ઈન્સાન કઈ જ કામનો રહેતો નથી. ✯

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એના ઉપર ઝુલ્મ કરે, તેના સાથે ઈન્સાફથી પૈશ આવે.**

## નશો

અખ્બારની કિતાબોમાં બયાન છે કે, અબ્દુર્રેહમાન બિન ઓફએ પોતાના ઘરમાં ઘણા લોગોને જમવાની દાઅવત આપી. તમામ પેટ ભરીને જમા. ઘણા કહેવા લાગા કે આવા બહેતર જમન નો ખિતામ તો હોવો જ જોઇએ. ખિતામ જો શરાબથી થાય તો કઇ મઝા આવે અને દાઅવત યાદગાર બને.

શરાબનો દૌર એવો ચાલો કે, તમામ ગલાડૂબ નશામાં ચકચૂર થઇ ગયા. આ વાકેઓ બનો તે વક્ત શરાબ હરામ ન્હોતી. દાઅવત પૂરી થયા પછી અબ્દુર્રેહમાને નમાઝ પઢાવી. તો નશાની હાલમાં કિરાતમાં સૂરતુલ કાફેરૂન પઢી. આ મુજબ કે, **"કુલ યા અય્યોહલ કાફેરૂના આઅબોદો મા તાઅબોદૂના વ નાહનો નાઅબોદો મા તાઅબોદૂન,"** યાઅની કે, આ લોગો કે જેએ કુફ્ર કીધો, હું તેની ઈબાદત કરૂં છું કે, જેની તમેં ઈબાદત કરો છો (બુતપરસ્તી કરો છો) અને હમેં તેની જ ઈબાદત કરીએ છીએ કે, જેની તમેં ઈબાદત કરો છો (બુતપરસ્તી કરો છો).

અબ્દુર્રેહમાનના આ તરહ ગલત-સલત કિરાત પઢવાના સબબ તેનો મતલબ બિલકુલ ઉલટો થાય છે. સૂરતુલ કાફેરૂનમાં બુતપરસ્તોની ઝાટકણી, તૌબીખ અને બદઆદતની ઝિક્ર છે, મગર ગલત કિરાત પઢવાથી બુતપરસ્તો તેઓની ઈબાદતમાં સહી છે અને આ ખૈરઆદત છે તેની તાઅરીફ થાય છે.

આ વાકેઆ બાદ એક આયત નાઝિલ થઇ કે, **"લા તકરબુસ સલાત વ અન્તુમ સોકારા"**, યાઅની, તમેં નશાની હાલતમાં નમાઝથી કરીબ ના થાવ, નમાઝ પઢો ના અને પઢાવો પણ ના. યહાઁ તક કે, તમેં હોશમાં આવો અને તમેં શું કરો છો અને કહો છો તે સમઝતા ના થાવ. આ વક્ત દૌરાન લોગો શરાબ પીવાના ઘણા જ આદી હતા, તેના સબબ દરજહ-બ-દરજહ આહિસ્તા-આહિસ્તા તેનાથી રોકથામ કરવામાં આવી.

આખિરમાં, સૂરતુલ માએદહમાં સરીહન-ફાઈનલ બયાન આવી ગયું કે, શરાબ-ખમર-દારૂ હરએક નશાવાલી ચીઝ નાપાક છે, શયતાનનો અમલ છે, હરામ છે, નુકસાનદેહ છે. લેહાઝા, તમેં હર હાલમાં તેનાથી દૂર રહો, એક ઝર્રા બરાબર પણ તમેં તેને ઝબાન પર ના લો. ✯

## ત્રણ વક્તો

એક હુશિયાર-ઈન્સાફપસંદ મુમિન વાસ્તે વાજિબ છે કે, એ એની ઝિંદગીના વક્તનો બરાબર ફાયદો ઉઠાવે અને સહી તૌરથી ટાઇમ-મેનેજમેન્ટ કરે. મોબાઇલ અને સોશીયલ મિડીયાના દૌરમાં કઇ જગા એનો વક્ત બેકાર અને ઝાયેઅ થઇ રહ્યો છે, તેનો ખૂબ-ખૂબ ખયાલ રાખે. આજે હમેં સોચીએ તો ખબર પડશે કે, વક્ત જ મોટી દૌલત છે. હર કોઇ પાસે તે એક નેઅમત છે જો તેને બરાબર ગુઝારવામાં આવે નહીં તો, તે જ વક્ત બરબાદીની રાહ પર લઇ જાય જો તેને બિગાડી દેવામાં આવે.

હિકમતના કલામમાં આવેલું છે કે, મુખ્લિસ મુમિનને એના વક્તને ત્રણ હિસ્સામાં તકસીમ કરી દેવો જોઇએ. તમામ વાસ્તે આ મુજબ કરવું ખૂબ જ આસાન છે.

(૧) એક ઘડી તે કે જેમાં મુમિન પોતાના રબ્બની બંદગી કરે. ખૈરનો સામાન તૈયાર કરે. ઈબાદતમાં પોતાના મનને લગાવે. ખાલિક અને મખ્લૂકને દરમિયાન બરાબર બેલેન્સ કરે અને બેવેના હક્કોને બરાબર અદા કરે. આ વક્ત અને રૂહાની આલમ સાથે જોડશે.

(૨) એક ઘડી તે કે જેમાં મુમિન પોતાની રોઝી, મકાન, વેપાર, રોઝગાર, નોકરી, જોબ, મુલાઝેમત, સર્વિસ, સફર, તાઅલીમ, રિશ્તેદારો અને સમાજી ઝિમ્મેદારી, ખર્ચ-આમદની, શાદી, બીમારી, બચ્ચાંની તરબીયત, બુઝુર્ગોનો ખયાલ, વગૈરહ વાસ્તે સોચે, ફેસલા લે અને તમામને વાસ્તે ખૈર અંજામ લાવે. આ વક્ત એને સમાજ સાથે જોડશે.

(બકીયહ પેજ નં. ૧૧ પર)

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એને તકલીફ આપે, તેના વાસ્તે સામાને રાહત મુહય્યા કરે.**

## ખેતી નકમ્મી છે

આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે, જે લોગો ઝિદ્દી છે, અચ્છી વાતનો ઈન્કાર કરે છે. વારે ઘડીએ પોતાના ફેસલા બદલે છે, આપેલા વચનના પાલન કરવાને વાસ્તે કઇ વિચારતા નથી, પોતાની મનમાનીના સબબ ખૈર લોગોના ભલા મશ્વરાને કુબૂલ કરતા નથી. હર એક ચીઝમાં ખામી અને કુસૂર ઢુંઢે છે, બીજાના પૈસે રૂશ્વતખોરી કરીને-કમીશન ખાઇને પોતાના ઘરને સજાવે છે, કર્ઝ લઇને લૈનદારને પૈસા ચુકાવતા નથી....... આ તરહના લોગો ઘણા જ બદબખ્તો છે અને લાઇકે લાઅનત છે.

આ લોગોના માલ અને ઔલાદ તેઓને કોઇ મદદ નહીં કરી શકે. કોઇ ફાયદો નહીં કરી શકે. તેઓ જે ખર્ચ કરશે તે ઝાયેઅ છે. **અલ્લાહતઆલાએ તે માલ માંથી બરકત ખેંચી લીધી છે.** તેઓની ખેતી એ મિસિલ છે કે, જેના ઉપર ગરમ-ગરમ લૂની હવા ચાલે છે અને ખેતી યાઅની કે, આઅમાલને હલાક કરી દે છે. તેઓની કોઇ મહેનત કારગર થાતી નથી. તેઓની આઅમાલની ખેતી નકમ્મી અને બેકાર છે.

અલ્લાહતઆલાએ તેઓ પર ઝુલ્મ નથી કીધો, મગર એ લોગો ખુદ પોતાના જાનો ઉપર ઝુલ્મ કરે છે. તો જે વક્ત આ તરહના લોગો સાથે તમારો મુકાબેલો થાય, તમેં તેઓ સાથે કોઇ પણ તરહ નો વહેવાર કરો, તો અય મુમેનીન ! તમેં આ ચીઝોને ઝરૂરથી ઝહેનમાં રાખજો :

(૧) એવા લોગોથી તમેં દિલી મોહબ્બત ના કરજો કેમકે, તેઓ તમને મઝર્રત અને નુકસાન સિવાય બીજું કઇ નહીં કરે.

(૨) તેઓ હર દમ એમ ચાહે છે કે, તમેં તકલીફમાં ગિરફતાર રહો, તમારા ઉપર આફત આવી પડે.

(૩) તેઓના મૂઁહથી દિલમાં રહેલો બુગ્ઝ, અદાવત, દુશ્મની અને કાટની વાતો જ નિકલશે.

(૪) તેઓના દિલોમાં જે તરહ કીનો ભરાયેલો છે, તે તેઓની ઝબાન કરતા ઘણો ઘણો ઝિયાદહ છે.

(૫) તમેં તેઓને ચાહો છો, મગર તેઓ તમને નથી ચાહતા. તેઓ તમારા વાસ્તે ભલાઇના બદલામાં બુરાઇ જ આપશે.

(૬) તેઓ તમારાથી મિલે તો તે વક્ત એમ કહે કે, હમેં તમામ સાથે જ છે, હમેં ઈમાનદાર છે, હમેં તમારો સાથ આપીશું. મગર જે વક્ત તેઓ તમારાથી અલગ થઇ જાય તે વક્ત તમારા ખિલાફ, તેઓનો અસલી ચહેરો સામે આવી જાશે, તમારા પર બદકલામીનું કીચડ ઉછાલવા લાગશે, ગમો ગુસ્સો કરવા લાગશે, લબો લેહજામાં ફરક આવી જાશે. તમને એવું લાગશે કે, તેઓનું તમારા સાથે હોવું એક ધોકો, ફરૈબ અને મકરબાઝી જ હતી.

અય મુમેનીન ! આ તરહના કાફિરો, મુનાફિકો, ઠગબાઝો સાથે દોસ્તી કરવું અક્લ અને શરીઅતને ખિલાફ છે. તેઓથી દૂર રહેવામાં ભલાઇ છે કે, જે તમારી ભલાઇથી નાખુશ થાય છે અને તમારા સાથે કોઇ બુરાઇ કરી ગયું હોય, તો તેઓ ખુશ થાય છે અને બુરાઇ કરનારને શાબાશી આપે છે, દોસ્ત બનાવી લે છે.

લેહાઝા, તમેં હર હાલમાં સબર કરો, તકવાને લાઝિમ રહો, અલ્લાહતઆલા હર ચીઝમાં ઈન્કેલાબ લાવનાર છે, લોગો ના હરએક અમલ પર મુહીત છે. ☆

---

(પેજ નં. ૧૦ નું બાકી)

(૩) એક ઘડી તે કે જેમાં મુમિન પોતે અને પોતાના બૈરોને સાથે રાખીને ઘરેલું, ઝાતી, અંદરૂની, બાતિની ઊમૂરને સાચવે, ઉસ્તુવાર કરે. ઘર અને ઘરને લગતા તમામ મુઆમેલહમાં બારીકીથી નઝર કરે. અલ્લાહતઆલાએ એના વાસ્તે જે જે લઝઝતોને હલાલ કીધેલી છે તે મુજબ અમલ કરે. ખુદ ખુશ રહેવું અને બૈરોને ખુશ રાખવા પણ એક તરહની પરહેઝગારી છે. આ વક્ત એને ખુદની ઝાત સાથે જોડશે. ☆

**ઈઝ્ઝતદાર શખ્સ એ છે કે, જે એનાથી આઁખ ફિરાવે, તેના સાથે ઉલ્ફતથી પૈશ આવે.**

## શાદી ખાના-આબાદીની ફરહતના અશઆર

❊ **ઉલ્ફતે મૌલા**

શરબતે દીદારે દાઈ નૌશ ફરમાએંગે હમ,
ઉલ્ફતે મૌલા સે ભર કર જામ કો પી લેંગે હમ,
ઉસકે શીરીં ઝાએકે સે ઝિંદગી જી લેંગે હમ,
માલિકે કૌસર કા દિલ સે હક્ક અદા કર લેંગે હમ,
દિલ વો ક્યા દિલ હે કે જિસ મેં આતિશે નફરત જલે,
દિલ વો ઝિંદા-દિલ હે જિસ મેં ઉલ્ફતે મૌલા પલે.

❊ **નૂરાની મહેફિલ**

કહાઁ પર મિલેગી યે નૂરાની મહેફિલ,
યહાઁ પર હે ઉલ્ફત સે ભરપૂર સબ દિલ,
મોહબ્બત સે મિલ કર હુવા જોશ હાસિલ,
નિદા દે રહા હે યે કૌસર કા સાહિલ,
ચલો ! સજ-સઁવર કે યે મહેફિલ હે શેહ કી,
પીઓં જામે કૌસર ખુશી હે યે શેહ કી.

❊ **રિશ્તો**

મરદ-બૈરોના રિશ્તા સી તો આ સંસાર ચાલે છે,
આ દુનિયાના ચમનમાં તાઝગી અને પ્યાર લાવે છે,
ઘરોં માં મુમેનીં ના રહેમતે ગફ્ફાર આવે છે,
ખુદાની ઝિક્ર સી બેશક અઝાબે નાર નાસે છે,
મોહબ્બત સી અગર રિશ્તાની જે કોઈ ઈબ્તેદા કરસે,
ખુદા નેઅમતની નહેરોં ને રવાઁ બે ઈન્તેહા કરસે.

❊ **યાદ આતી હે**

નિકાહ સે આદમો હવ્વા કી યાદ આતી હે,
ખલીલ હાજરહ સારૈહ કી યાદ આતી હે,
અલીયો ફાતેમા ઝહરા કી યાદ આતી હે,
શહીદ કાસિમો કુબરા કી યાદ આતી હે,
નસલ જો છોડ ગએ હૈં વો હક્ક કે હૈં પરચમ,
નિકાહ હે આસ્માઁ ઝમીન કા હસીં સંગમ.

❊ **શાદી મુબારક**

ખુદા ને દિખાઈ હે શાદી મુબારક,
હે સુન્નત નબી કી યે શાદી મુબારક,
લો બરસેગી ખુશીયાઁ યે શાદી મુબારક,
મોહબ્બત કી ઘડીયાઁ યે શાદી મુબારક,
હો દુલ્હા-દુલ્હન કો મુબારક યે અવસર,
ખુશી-શાદમાની હો સબ કો મયસ્સર. ✯

---

**" તમારી નૈકીના સબબ જો તમારી આલ-ઔલાદ અને પડોશી નૈક બના તો તમારા સાથે એ લોગો પણ જન્નતના હક્કદાર થાશે. "**

---

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.